# ખેડુતની જમીનમાં ઓઈલ લીકેજ લાઈન બંધ કરવામાં ઓએનજીસીની આડોડાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલ મોટી આદરજ ગામના એક ખેડુતના ખેતર નીચેથી ઓએનજીસીની પાઈપ લાઈન પસાર થાય છે. આ લાઈનમાં લીકેજ હોવાથી આખા ખેતરમાં ઓઈલ પ્રસરી જવા પામે છે. જેને પગલે ખેતરમાં પાક થતો નથી. ઓએનજીસી દ્વારા પાકનું વળતર આપીશુ કહીને ખેડુતને મામુલી રકમ પધરાવામાં આવે છે. આ સિલસિલો ઘણા વર્ષોથી ચાલી રહ્યો છે. ત્યારે મોટી આદરજ ગામના ખેડુતના ખેતરમાં ઓએનજીસી દ્વારા પાઈપલાઈન લીકેજ નું સમારકામ ઝડપી હાથ નહીં ધરાય તો ખેડુતે ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

## ઓએનજીસી દ્વારા પાકનું વળતર આપીશુ કહીને મામુલી રકમ આપે છે : ખેડુત

ગાંધીનગર નજીક આવેલ તારાપુર ગામમાં પ્રહલાદજી લાખાજી ઠાકોર વર્ષોથી વસવાટ કરે છે. પ્રહલાદજીની ખેતી લાયક જમીન ગાંધીનગર જિલ્લાના મોટી આદરજ ગામે આવેલ સર્વે નં-૭૬૦.૨ અને ૭૬૧.૧ છે. તેઓનો ખેતર નીચે થી ઓએનજીસીની પાઈપ લાઈન પસાર થાય છે. આ પાઈપલાઈનમાં લીકેજ છે. ખેડુતની વારંવારની રજુઆત છતા તંત્ર દ્વારા હા રીપેરીંગ કરી દઈશું, થઈ જશે તેવી હૈયાધારણા આપવામાં આવે છે. પરંતુ લીકેજ બંધ કરવામાં આવતું નથી. અત્યારે હાલના સમયે પણ લીકેજ હોવાથી ખેતરમાં મોટો ખાડો જેસીબી મશીન દ્વારા કરવામાં આવ્યો છે. તેમાંથી ટેન્કર દ્વારા ઓઈલ લઈ જવામાં આવે છે પણ લીકેજ બંધ કરવામાં ઓએનજીસી ઠાગાઠૈયા કરી રહ્યું છે. ત્યારે ખેડુતની મહામુલી જમીન ઓઈલને પગલે બગડતા ખેડુતની હાલત કફોડી બની જવા પામી છે. આ તમામ પ્રકારના નુકશાનની સામે ખેડુતને માત્ર પાકમાં જ નજીવુ વળતર આપવામાં આવે છે. ત્યારે જમીનમાં પુરાણ કરી આપીશું તેવું કહેવામાં આવે છે. પરંતુ કરી આપતા નથી તેવું ખેડુત પ્રહલાદજી કહી રહ્યા છે.પોતાના ખેતરમાં થયેલા વાલ્વ લીકેજની ફરીયાદ તેઓએ અનેકવાર ઓએનજીસી તંત્ર સમક્ષ કરી છે છતા યોગ્ય નિર્ણય ના આવતા ખેડુત રોષે ભરાયા છે અને આ અંગે ઉગ્ર આંદોલન કરવાના મુડમાં જણાય છે. તંત્ર દ્વારા સત્વરે નિર્ણય કરીને લીકેજ બંધ કરીને જમીન બગડતી અટકાવવામાં નહી આવે તો ખેડુતે ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.



રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલા ગુણોત્સવ કાર્યક્રમમાં સેક્ટર-૮ની સરકારી પ્રાથમિક શાળામાં વોર્ડના સ્થાનિક નગરસેવક નાઝાભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોના અભ્યાસને લઈ વિવિધ પ્રશ્નો પૂછીને મૂલ્યાંકન કર્યું હતું. આ પ્રસંગે બાળકોને વ્યસનમુક્તિ, સ્પોર્ટસ, સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓને ઉજાગર કર્યા હતા. બાળકોને તલના લાડુ, ચીકી અને સુકા નાસ્તાનું વિતરણ કર્યુ હતુ.

# જી-બાઈક સાયકલ શેરીંગ પ્રોજેકટ હવે વિસ્તારાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના નગરજનોને પર્યાવરણના રક્ષણ સાથે ઓછી કિંમતે ઝડપી પરિવહન સુવિધા મળી રહે તે માટે ગુડા દ્વારા જી-બાઈક સાયકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરાયો છે. જેને વ્યાપક જનપ્રતિસાદ મળી રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપ આગામી સમયમાં વધુ ૪૦૦ સાયકલો દ્વારા ગાંધીનગર શહેર તથા ગુડાના અમુક વિસ્તારોને આવરી લેવામાં આવશે, એમ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના મુખ્ય કારોબારી અધિકારીએ જણાવાયું છે.

પ્રથમ તબક્કામાં ૧૦ સાયકલ સ્ટેન્ડ અને ૧૦૦ સાયકલોથી શરૂ કરેલ આ પ્રોજેકટ હેઠળ નગરના મુખ્ય મથકો જેવા કે બસ સ્ટોપ, બગીચા તથા અલગ અલગ જગાએ મૂકાયા છે તેને નગરજનોએ ખૂબ જ ઉત્સાહથી વધાવી લીધો છે. અંદાજે દરરોજ ૩૫૦ થી ૪૦૦ ટ્રીપ્સનો વપરાશ થાય છે. જેનાથી પ્રેરાઈને આ બીજો તબકક્કો અમલમાં મૂકવામાં આવશે. બીજા તબક્કામાં ૨૦ સાયકલ સ્ટેન્ડ અને નવી ૪૦૦ સાયકલો મૂકી સમગ્ર શહેરને અને ગુડાના અમુક વિસ્તારોમાં દરેક ખૂણેથી દરેક વ્યક્તિને સાયકલ સુવિધા મળી રહે તેવું આયોજન કરાયું છે. ઉપરાંત ખાસ મોબાઈલ એપ દ્વારા સાયકલનું બુકીંગ, સાયકલની રીયલ ટાઈમ માહિતી અને ટ્રેકીંગ આવનારા દિવસોમાં શક્ય બનશે.

ગુડા દ્વારા શરૂ કરાયેલ પરિવહન યોજના સાયકલ શેરીંગ પ્રોજેકટને કેન્દ્ર સરકાર દ્વારા 'શ્રેષ્ઠ નોન મોટરાઈઝડ' કક્ષામાં એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. આગામી સમયમાં જી-બાઈક પ્રોજેકટને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા માટે નેધરલેન્ડની સેન્ટ્રલ વિસ્કુંડે એન્ડ ઈન્ફોર્મેટીક સંશોધન સંસ્થા અને સેપ્ટ યુનિવર્સિટીની ટેકનીકલ મદદ મેળવવા માટે એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યા છે.

# રવિ પુજારીના ત્રણ શાર્પ શૂટરની કરાયેલ ધરપકડ


અમદાવાદ, તા.૧૮

બોરસદમાં કોર્પોરેટર પર હુમલામાં અંડરવર્લ્ડનું કનેક્શન સામે આવ્યું છે. રવિ પુજારીના કહેવાથી અંડરવર્લ્ડના લોકોએ ગોળી મારી હતી. રવિ પુજારીએ અમિત ચાવડાને પણ ધમકી આપી હતી. ગુજરાત એટીએસે રવિ પુજારીના ત્રણ શાર્પ શૂટરની ધરપકડ કરી છે. ગુજરાત અને મુંબઈમાંથી શાર્પશૂટરની ધરપકડ કરવામાં આવી છે. મુખ્ય શાર્પશૂટર તમિલનાડુનો રહેવાસી છે. મુંબઈથી હત્યા કરવા માટે બોરસદ આવ્યો હતો. ઘનશ્યામગીરી, સુરેશ પિલ્લઈ અને શબ્બીરની ધરપકડ કરાઈ છે.

# ગિફટસિટીના ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જ દેશને નવી ઉંચાઈએ લઈ જશે

ગાંધીનગર, તા. ૧૮

ગિફટસિટી ખાતે શરૂ થયેલા ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જથી ગુજરાત અને દેશના વ્યાપારી માળખાને મજબુતી મળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈન્ટરનેશનલ એક્સચેન્જનો પ્રારંભ કરવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદૃષ્ટિ તો ભળી જ છે સાથે સાથે મુંબઈ સ્ટોક એક્સચેન્જના સીઈઓ આશિષભાઈ ચૌહાણનો ફાળો ખૂબ જ મહત્વનો છે. ફાધર ઓફ



દીર્ઘદૃષ્ટિ પૂર્ણ આયોજન અને મુંબઈ સ્ટોક એક્સચેન્જના સીઈઓ આશિષભાઈ ચૌહાણની સતત મહેનતના પરિણામે ગુજરાતમાં ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જની કામગીરી શરૂ કરવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

છેલ્લા ઘણા સમયથી ગાંધીનગરની ગિફટસિટીને ઈન્ટરનેશનલ ફાયનાન્સીયલ હબ તરીકે વિકસાવવા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જનો પ્રારંભ ગીફટસીટી ખાતે કરવામાં આવ્યો છે. આ મોર્ડન ફાઈનાન્સયલ ડેરીવેટીવઝ તરીકે ઓળખાતા આશિષભાઈ ચૌહાણ આ ક્ષેત્રે ખુબ લાંબો અનુભવ ધરાવે છે. તેમના મહત્વપૂર્ણ ફાળાના પરિણામે ઈન્ટરનેશનલ એક્સચેન્જ નવી ઉંચાઈઓ સર કરવા સતત આગળ વધી રહ્યું છે. મુંબઈના હિરાનંદાની બિલ્ડરે માત્ર ૪૫ દિવસમાં આ એક્સચેન્જની બિલ્ડીંગ ઉભી કરી સરાહનીય કાર્ય કર્યું છે. આ સેન્ટરનો પ્રારંભ થતા ભારતમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટમાં વધારો થશે. આ ઉપરાંત ટ્રેડિંગ સીસ્ટમ પણ વધુ લિકવીડ અને ટ્રાન્સપરન્ટ બનશે.

# જિલ્લાના ૧૦૦ કાર્યકરોની તાળાબંધી કરવા જતાં અટકાયત

ગાંધીનગર, તા. ૧૮

નોટબંધીથી ઉભી થયેલી પ્રજાકીય વેદનાને ઉજાગર કરવા કોંગ્રેસ પક્ષના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા સમગ્ર દેશમાં આંદોલન છેડ્યુ છે. જેમાં કાર્યક્રમના પ્રથમ ચરણમાં ગત તા. ૧૧મી જાન્યુઆરીએ તાલકટોરા સ્ટેડિયમ, ન્યુ દિલ્હી ખાતે જન વેદના સંમેલન યોજીને તમામ રાજ્યોમાં બીજા ચરણમાં દેશની રિઝર્વ બેંકની ૩૩ પ્રાંતીય શાખાઓને ઘેરાવ અને તાળાબંધીનો કાર્યક્રમની ઘોષણા કરી હતી. જેના ભાગરૂપે આજે અમદાવાદ ખાતે આવેલી રિઝર્વ બેંકને ઘેરાવ કરીને તાળાબંધીનો કાર્યક્રમ પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી સુશિલકુમાર શિંદે, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલા, સંસદ સભ્ય નરેન્દ્ર બુધાનીયા, મહારાષ્ટ્રના પૂર્વ પ્રધાન નરેન્દ્ર રાઉત, પૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થભાઈ પટેલ, જગદીશભાઈ ઠાકોર સહિત તમામ વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૧૦૦૦ જેટલા આગેવાનો-કાર્યકરોએ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, કલોલ ધારાસભ્ય બળદેવજી ઠાકોર, દહેગામ ધારાસભ્ય કામીનીબા રાઠોડ, જિ.પં. પ્રમુખ રામાજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા વિગેરેની આગેવાની હેઠળ જોડાયા હતા. આ બાબતે વધુ માહિતી આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે અદ્વૈત આશ્રમ, શાહપુર ખાતે જાહેર સભા સંપન્ન થયા પછી કોંગ્રેસ આગેવાનો-કાર્યકરો તાળાબંધી કરવા માટે રિઝર્વ બેંક તરફ ધસી ગયા હતા. જ્યાં પોલીસ દ્વારા કોર્ડન કરી અટકાવ્યા પરંતુ કાર્યકરો જુસ્સાભેર પોલીસ કોર્ડન તોડીને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, કામીનીબા રાઠોડ સહિત ગાંધીનગર જિલ્લાના ૧૦૦ જેટલા કાર્યકરો રિઝર્વબેંકના મુખ્ય ગેટ ઉપર ચડીને તાળાબંધી કરી હતી.

ગુજરાત સરકારનો સંકલ્પબદ્ધ પ્રયાસ
આદિવાસી સમાજનું સ્વ-અધિકાર થકી સ્વ-સશક્તિકરણ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આપણું વન : આપણા અધિકારો



શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રીશ્રી, ભારત સરકાર



શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

આદિવાસી વિસ્તારોમાં પંચાયતી રાજ વિસ્તરણ અધિનિયમ(PESA)ના અસરકારક અમલ માટે
'પેસા'ના આદર્શ નિયમોનો અમલ
રાજ્યના ૫૦ તાલુકાઓની ૨૫૮૪ ગ્રામ પંચાયતો હેઠળના ૪૫૦૩ ગામોની ગ્રામસભાને મળશે વિશેષાધિકારો
પોતાના વિસ્તારમાં આદિવાસીઓને સ્વ-અધિકાર થકી સશક્તિકરણને મળશે નવી દિશા

'પેસા'ના આદર્શ નિયમોના અમલીકરણથી થનાર લાભો

- ગૌણ વનપેદાશોની માલિકી હવે ગામ અને આદિવાસી સમાજની
- ગૌણ વનપેદાશોને સંગ્રહ-વેચાણમાંથી એજન્ટોની નાબૂદી
- ગૌણ વનપેદાશોની આવક સીધી આદિવાસીના ખાતામાં જમા થશે
- ગૌણ ખનીજોના ઉત્ખનન માટે ગ્રામસભાની ભલામણ ફરજિયાત
- જમીન સંપાદન, ગામ તળાવના ઉપયોગ માટે ગ્રામસભા સર્વોપરિ
- ગરીબલક્ષી યોજનાના લાભાર્થીઓની પસંદગી ગ્રામસભા દ્વારા
- ગૌણ વનપેદાશના વેચાણના નફાની રૂા.૧૦ કરોડ જેટલી રકમનું સબંધિત ગ્રામ પંચાયતો દ્વારા સીધું વિતરણ

PESA નિયમો, ૨૦૧૭ અન્વયે
આદિવાસી સમાજને મળશે સવિશેષ સત્તાઓ

ગૌણ ખનીજ
ગૌણ વનપેદાશો
વિવાદ નિવારણ સમિતિ
ત્રણ નવી સમિતિઓની રચના
નાણાં ધિરનારાઓ ઉપર અંકુશ
ગ્રામસભામાં વધુ લોકભાગીદારી
જમીન અને જમીન સંપાદન અંગે
સિંચાઈ અને ગામના જળસંશાધનો
શ્રમબંધુઓ અને મહિલાઓને સંપૂર્ણ રક્ષણ

ચાલો... છોટાઉદેપુર...
મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર વન અને વનબંધુ કલ્યાણ મેળામાં

તારીખ : ૧૯-૦૧-૨૦૧૭, ગુરૂવાર, સમય : ૧૨.૦૦ કલાકે, સ્થળ : છોટાઉદેપુર

માહિતી ૨૦૧૬-૧૭ (૭૯-૧)